







કરજ માં ડૂબેલો ખેડૂત ખાખ નો થાય છે,
ને આબરૂદાર હોય છતાં રાખ નો થાય છે,
ને શાખ નો જાય છે, ઉધારી-લોન માંગી ને-
આત્મહત્યા પછી, પક્ષો માટે લાખનો થાય છે.
(મૃત્યુ પર ગંદુ રાજકારણ)




લાવે દબાવ,
સરમુખત્યાર સ્વભાવ,
પાડે પ્રભાવ..
(ગવર્નરો ને ખીલે બાંધ્યા)

કરો પ્રવાસ,
જીવ પડીકે બાંધી -
ગુજ્જુ શોખીનો!!
(વેકેશન પ્રવાસ ફરજિયાત)

## ચિંતન

**વચસ્તત્રૈવ વક્તવ્યં યત્રોક્તં સફ્લં ભવેત । સ્થાયી ભવતિ ચાત્યન્તં રંગઃ શુક્લપટે યથા ॥**

'જેમ સફેદ-સ્વચ્છ ના વસ્ત્ર પર, રંગ અને છાપકામ (બાટિક વગેરે) સરસ થઇ શકે છે. શોભે છે - સફળ થાય છે; તેમ વચન-માગણી પણ એવી જગ્યાએ કરવી જે નિર્મળ-ઉદાર ચિત્તના હોય કે જેના પર આપણા વચનની સુંદર અસર થાય - છાપ પડે - અને સફળ થાય.'

કેટલાક લોકોનો સ્વભાવ જ નકારાત્મક હોય છે. આપણી વાત પૂરી સાંભળે ન સાંભળે કે તરત કહે - 'હું કંઇક જુદું જ વિચારતો હતો' અથવા 'એના કરતાં આમ કરીએ તો..' કહી આપણે કરેલી-કહેલી વાતથી તદ્દન વિરુદ્ધની જ વાત કરતા હોય છે. એવા લોકો કયારેય કોઇ વાતમાં કોઇની સાથે સંમત થતાં નથી. આપણે કોઇની પાસે ખરેખર તો 'યાચના' કરવી જ ન જોઇએ. કોઇ વસ્તુ-બાબત-પૈસા વિના ચલાવી લેવું પણ માગણી ન જ કરવી.

અને કરવી તો એવા નિખાલસ - સમસંવેદનશીલ - સામી વ્યક્તિની વાત સમજી અને સકારાત્મક પ્રત્યાઘાત આપે એવા માણસ પાસે જ હૃદયની વાત કરવી જોઇએ. આ શ્લોકમાં સફેદ-સ્વચ્છ કાપડની વાત કરી આની સ્પષ્ટતા કરી છે.

## સુવિચાર

- વિપત્તિઓની જેમ સંપત્તિઓની અંદર પણ સારા મિત્રનો સાથ જોઇએ- **એસ. ભટ્ટાચાર્ય**
- પેટ બગડે તો જેમ જમવાનું બંધ કરવાથી સુધારો થાય તેમ બોલવાથી ઊભો થયેલો ઝઘડો મૌન રહેવાથી શમી જાય **- આચાર્ય રત્નસુંદરવિજયજી**
- જીવન એટલે શિવનું જીવને મળવા આવવું અને જીવનું શિવને મળવા જવું એટલે મૃત્યુ **- જનકલ્યાણ**
- સંસાર ત્યજવાની જરુર નથી.. પણ 'મારું-તારું' ની ભાવના કાઢવાની જરુર છે **- ડોંગરેજી મહારાજ**
- ઇશ્વર ચોખ્ખા હાથને જ જુએ છે, ભરેલા હાથને નહીં **- ખલીલ જીબ્રાન**
- તક હંમેશા તકલીફોનો બુરખો પહેરીને આવતી હોય છે, એને ઓળખવાનું કામ આપણું છે **- સંત રોબિન**
- જે બીજાની આંતરડી ઠારે છે, તે તો ઇશ્વરનાં આંસુ લુછે છે **- તમિલ કહેવત**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણે જન્મદિન, નવું વર્ષ, લગ્નતિથિના અવનવા સંકલ્પ, નિર્ણય કરીએ છીએ પણ આપણું મન મક્કમ અને દૃઢ નથી હોતું એટલે માંડ એક અઠવાડિયું આ 'નાટક' ચાલે પછી 'બહાનાં' બતાવી વિકલ્પો શોધાય અને ભૂલી જવાય. કોઇ બાબત નિયમ લ્યો તે 'ટેવ' સ્વભાવ થઇ જઇ જવો જોઇએ.

મહાન વૈજ્ઞાનિક આઇનસ્ટાઇન આવી દૃઢ-નિર્ણય શક્તિ ધરાવતા હતા. એમનું પેપર લખવાનું કામ પૂર્ણ થયું પછી યુ-પીનની ડબ્બી શોધતા હતા, તેમના મદદનીશે પણ મદદ કરી, પણ મળ્યું નહીં. પણ અચાનક એમની નજર વાંચી અને ખૂલ્લી ગયેલી 'યુ'પીન પર પડી - પોતે જ 'નકામી' કરી નાખી દીધી હતી. તેના પર પડી, એ યુ-પીન ઉપાડી સીધી કરતા હતા. હથોડીથી ટપારતા હતા. ત્યાં એમનો આસીસ્ટંટ બીજી ટેબલ પર પડેલી યુ-પીનની પેટી લઇ આવ્યો.

પરંતુ, આઇનસ્ટાઇને તો પેલી જ યુપીન ને સીધી કરવાનું ચાલું રાખતાં કહ્યું, હવે એની જરુર નથી. એ ડબ્બી ત્યાં ટેબલ પર મૂકી દે..

મદદનીશ કહે પણ હવે ડબ્બી મળી જ ગઇ છે તો નવી જ યુ-પીન વાપરોને! એના પાછળ શા માટે સમય બગાડો છો?

આઇનસ્ટાઇને સ્મિત સાથે જવાબ દીધો : 'મારું એવું જ છે, હું એકવાર કંઇક મનથી નક્કી કરી લઉં પછી મારા ધ્યેય સુધી ન પહોંચું ત્યાં સુધી કોઇ પણ વાત - કાર્ય અધુરું છોડતો નથી.'

આવા મક્કમ મનોબળવાળા જ મહાન વૈજ્ઞાનિક થઇ શકે..

Email - sureshchandrabhatt18@gmail.com

# બાળ સાહિત્યના લેખકોનાં સર્જનમાં વેગ મળે બાળ સાહિત્યના લેખકોનાં સર્જનમાં વેગ મળે તે આશયથી દર માસના ચોથા શનિવારે 'શનિસભા' નું આયોજન

**સમાચાર સેતુ**

**● માતૃભાષા અભિયાન અંતર્ગત 'શનિસભા' યોજાશે**

બાળ સાહિત્યના લેખકોનાં સર્જનમાં વેગ મળે તથા એનું સંવર્ધન થાય તેનું સમુહમાં મૂલ્યાંકન થાય તે આશયથી દર માસના ચોથા શનિવારે 'શનિસભા' નું આયોજન કરવાનું નક્કી થયું છે. આ બેઠકમાં લેખકો પોતાની અપ્રકાશિત મૌલિક કૃતિ રજૂ કરશે અને મુક્ત મને તેની ચર્ચા કરશે. જેની કૃતિ ઉત્કૃષ્ટ બની શકે. 'શનિ સભા'માં બાળ સાહિત્યના તમામ પ્રકારો તથા સાહિત્ય રજૂ કરી શકાશે. આ અંગેની પહેલી સભાનું આયોજન તા. ૨૫/૦૪/૨૦૧૫ શનિવારે સવારે ૧૦.૩૦ કલાકે વી.એમ. એસ. ચિત્રકૂટ ફ્લેટ્સ ભોંયતળીયે, સાહિત્ય પરિષદની સામે, આશ્રમરોડ નવરંગપુરા, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હોવાનું માતૃભાષા અભિયાન, ટ્રસ્ટી રાસુ વકીલ દ્વારા જણાવામાં આવ્યું છે.

**● કપડવંજ ખાતે સાહિત્ય સેવી, પત્રકાર ગીરીશ જોષીનું અવસાન**

ખેડા જિલ્લાના કપડવંજ ખાતે 'જનગર્જના' સાપ્તાહિકના તંત્રી, સાહિત્ય ગુર્જરી કપડવંજના સ્થાપક અને જાણીતા સાહિત્ય સેવક તેમજ પત્રકાર ગીરીશ જોષી 'ગિરિ'નું અવસાન થતાં લેખકો, પત્રકારો અને સમાજના વિવિધવર્ગનાં લોકોએ તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી છે. તેઓ દ્વારા કપડવંજ વિસ્તારમાં સાહિત્ય અને પત્રકારત્વક્ષેત્રે જે ઉમદા સેવાઓ કરી છે. તેને સૌએ બિરદાવી હતી.

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

**સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'**

**કાવ્યસેતુ**

**અર્ધમૃત વૃક્ષ**

હાડપિંજર જેવાં,
ડાળાં-ડાખરાં મારાં,
વૃક્ષ હું
અર્ધમૃત.
ભલે નથી રહ્યાં મુજને પાંદ,
પંખિગા અને સૂડા
આવીને બેસે જયારે મારી ડાળ,
ત્યારે થાય,
જાણે ફૂટ્યાં મુજને કુમળાં લીલાં પાંદ!
ભલે નથી કોળતાં મને ફૂલ,
પીળક અને શોણિગી
આવીને બેસે જયારે મારી ડાળ,
ત્યારે થાય,
જાણે કોવ્યાં મુજને તાજાં પીળાં ફૂલ!
ભલે નતી મ્હોરતા મને મ્હોર
કોયલ અને પપૈયા
આવીને બેસે જયારે મારી ડાળ,
ત્યારે થાય,
જાણે મ્હોર્યા મુજને મઘમઘ મ્હોર!

**- પ્રવીણ ગઢવી**

**વૈશાખી બપોર**

વસંતની વધાઇ દૈને ગયો ચૈત્ર,
લૂ લે આવ્યો વૈશાખી બપોર!
આમ્રકુંજે છૂપાઇને, શરાતી
કોયલે કરતી કલશોર!
કેસરવર્ણો અરધે કેસૂડો ને
લાલચટાક ગુલમહોર,
પીળો પીળો ખોલ્યો ગરમાળો હસ્યો -
"અમે ખીલવાના હવે પોર!"
પ્રભાતે ખીલતી રૂડી વસંતને
પ્રજાળે તું વૈશાખી બપોર!
આસમાને ભાસ્કર ક્રોધ તપતો,
બતાવતો દુર્વાસાનો તોર!
નવરંગી ચૂંદડી રંગે ઘેરી થૈ,
રંગો હર્યા તેં વૈશાખી બપોર!
નેણનાં કાજલ ને ભાલનાં કંકુ
રેલાતાં ગોરીના ગાલે બપોર!
તપતાં કિરણો, તાતાં તીર બની,
સોંસરવાં વાગે ભરબપોર!
કંઠે પાડે છે પાણીના સોસ બહુ,
દેહે છૂટે પ્રસ્વેદની છોળ!
વગડામાં બધે વૃક્ષે ને વેલીએ
ખીલી ઊઠે વસંતનો ભોર!
એ મુક્તને નિર્દોષ હાસ્ય વિલાય
જયાં બળબળતો જોમે બપોર!
ધડૂક્યા ઢોલ ને શરણાયું વાગે,
લગ્નગીતોનો ગાજતો શોર!
ભલેને કાયા પરસેવે રેબઝેબ,
તોય પૈણતું ખરેબપોરે!
ભરચોમાસે ને શિયાળે સૂકાતો,
વધતું વૈશાખે તેનું જોર!
મદમતો થૈ, વૈશાખાનંદન થ્યો,
ને હોંચી.. હોંચી... મચાવે શોર!
ચોમાસે જે પ્રજળતા જવાસિયા,
લીલૂડા થ્યા વૈશાખી બપોર!
'દધિ' ઉછળતો શાંત થઇ બેઠો,
તુજકારણૈ વૈશાખી બપોર!

**- મૂળજીભાઇ પરમાર 'દધિ'**

**હાઇકુ**

(૧)
માનવી શોધે
છત, રોટી, કપડાં
ઝાંઝવા નીર

(૨)
આવે ચૂંટણી
વચનો કેરી લ્હાણી
બતાવે ચાંદ

(૩)
લાડક વાયો
બેટડો સિધાવ્યો
તોફાન તેડે

(૪)
તાપી સંગમે
દરિયા ઉછળેને
મોજા રિસાય

(૫)
નગર હાંફે
બંદૂક ભડાકે ને
અગ્નિ સ્નાન

(૫)
ધરતી તપે
કુમળા પગ બળે
સાહેબ જુએ

(૭)
ભાલે તિલક
શરીર સૌષ્ઠવે
ઉમંગે નાચે

(૮)
ગ્રામ્ય નારી
વદને નમણી તે
હાસ્ય રેલાવે

(૯)
જિંદગી હવા
માયા છે એક ધુવા
જીવ ચેતજે

(૧૦)
અગન જવાળા
શરીર રેબઝેબ
બાળક દીસે

**- રઘુસિંહ ગોલ 'નીર'**


# લગ્નના વરઘોડા પણ લાઉડસ્પીકરની ગરજવાળા હોય છે, મોટાં શહેરોમાં તો રોજ કોઈકનાં ને કોઈકનાં મેરેજ થતાં જ હોય, આપણી પ્રજાને નાચવાનું વળગણ અને વ્યસન છે

## લાઉડસ્પીકરો અને વરઘોડાઓનો ત્રાસ
## રોહિતોપદેશ

**- રોહિત શાહ**

લાઉડસ્પીકરની શોધ ન થઇ હોત તો આપણા ઘણાબધાં ઉપદ્રવો શાંત હોત. લાઉડસ્પીકર આપણા કાન માટેનો અભિશાપ છે. કુદરતે આંખ માટે પોપચાં બનાવ્યાં છે એમ કાન માટે પણ એવી કંઇક વિશિષ્ટ સિસ્ટમ બનાવવાની જરુર હતી. આંખને અણગમતું દૃશ્ય ન જોવું હોય ત્યારે પોપચાં ઢાળી દેવાનું કેવું વરસદાન મળેલું છે! એ હિસાબે આપણા કાન બિચારા અભાગિયા છે. એમણે કેટકેટલું અણગમતું સાંભળવું પડે છે!

લાઉડસ્પીકરનો ઉપયોગ વિવેકપૂર્વક થયો હોત તો કશો વાંધો જ નહોતો, પરંતુ કયારેક તો માણસ પોતાનું જંગલીપણું બતાવવા માટે કે પછી પોતાની અધમ વૃત્તિના પ્રદર્શન માટે લાઉડસ્પીકરનો ઉપયોગ કરતો હોય એમ લાગે છે. ખરેખર તો એવો સ્પષ્ટ કાયદો હોવો જોઇએ કે સાઉન્ડ પ્રૂફ દરવાજાવાળા હોલ સિવાય બીજે કયાંક લાઉડસ્પીકરનો પ્રયોગ કે ઉપયોગ થઇ જ ન શકે. કોઇ એક ખાસ હેતુ માટે હોલમાં ભેગા થયેલા લોકો માટે લાઉડસ્પીકર આવશ્યક છે અને ત્યાં એનો ઉપયોગ થાય એની સામે કશો જ વાંધો ન હોઇ શકે; પરંતુ જાહેર રસ્તા પર, જાહેર મંદિરમાં કે જાહેર કોઇ પણ ખુલ્લા સ્થળે લાઉડસ્પીકર વગાડવાની વળી શી જરુર?



આપણે ત્યાં ધાર્મિક તહેવારો હોલસેલમાં છે. કયારેક નવરાત્રી તો કયારેક ગણપતિ, કયારેક જન્માષ્ટમી તો કયારેક મહાશિવરાત્રી, કયારેક ઇદ તો કયારેક નાતાલ, કયારેક મહાવીર જયંતી તો કયારેક ગૂડી પડવો - દરેક ધાર્મિક તહેવારને ઘોંઘાટ અભડાવતો રહે છે.

ગમે તે ધર્મ કે સંપ્રદાય હશે, પણ લાઉડસ્પીકર વગર ભક્તિ કરવા કોઇ તૈયાર જ નથી. ઘણી વખત તો નાનકડાં સંપ્રદાયના કોઇ સાધુમહારાજ અહીં થી તહીં માત્ર પચાસ-પાંચસો ડગલાં ચાલીને પધારવાના હોય તોય લાઉડસ્પીકર સહિત વરઘોડો કાઢવામાં આવે છે, અરે કોઇ - કોઇ વખત તો વરઘોડોમાં બાપજી સહિત વરઘોડો કાઢવામાં આવે છે. અરે, કોઇ-કોઇ વખત તો વરઘોડામાં બાપજી સહિત માંડ પચીસ-ત્રીસ માણસો હોય તોય બેન્ડવાજાં અને લાઉડસ્પીકર દ્વારા આખા રસ્તે ઘોંઘાટની ગંદકી વેરતા જવાના પ્રયોગો થતા હોય છે. આપણો ધર્મ આવા વરઘોડા ભૂખ્યા સાધુઓ અને બેન્ડવાજાંના બંધાણી બબૂચકોથી કયારે છૂટશે? કેટલાંક મંદિરોમાં વહેલી સવારથી લાઉડસ્પીકર દ્વારા આપણા ઘોંઘાટિયો અટેક થાય છે તો કેટલાંક ધાર્મિક ઘણાતાં સ્થળો મોડી રાત સુધી આપણા પર ઘોંઘાટની ઊલટીઓ ઠાલવ્યા કરે છે.

આપણને પૂછવાનું મન થાય કે, "અરે ડફોળ! તને ભક્તિનો ઊભરો આવે એમાં તું અમને શાનો પજવે છે? તારો ભગવાન શું બહેરો છે? તું આ રીતે અમારા માટે ત્રાસ ફેલાવે છે તો તારો પરમાત્મા ક્રોધિત કે કોપાયમાન નથી થતો? ભક્તિનાં તે વળી આવાં વરવા પ્રદર્શનો કરવાં પડતાં હશે?"

ભક્તિના તહેવારોની જેમ જ લગ્નના વરઘોડા પણ લાઉડસ્પીકરની ગરજવાળા હોય છે. મોટાં શહેરોમાં તો રોજ કોઇકનાં ને કોઇકનાં મેરેજ થતાં જ હોય. આપણી પ્રજાને નાચવાનું વળગણ અને વ્યસન છે, પહેલાં તો નવરાત્રિમાં જ ગરબા થતા હતા, પરંતુ હવે તો કોઇ પણ પ્રસંગે ગરબા થવા માંડ્યા છે. ૨૬ જાન્યુઆરી હોય, વેલેન્ટાઇન્સ ડે હોય, મકરસંક્રાંતિ હોય કે કોઇનાં લગ્ન હોય - ગરબા તો ગમે ત્યાંથી ગોઠવાઇ જ જાય છે. નાચવાનું આવે ત્યાં બેન્ડવાજાં કે ડીજે મ્યુઝિક આવે અને સાથે સાથે તરત લાઉડસ્પીકર આવે.

આપણે ત્યાં કોઇ અવસર હોય એટલે આડોશ-પાડોશને આ રીતે આટલો બધો ત્રાસ આપવાનો? આપણને વેવલી ભક્તિના ઊભરા આવે કે છીછરાં પ્રદર્શનોનું ભૂત વળગે એટલે આસપાસના લોકોને આ રીતે પજવી મૂકવાનાં? તમારે અનેક લોકોને ભેગા કરીને કોઇ પણ અવસરની શાનથી ઉજવણી કરવી હોય તો કોઇ એરકન્ડિશન્ડ હોલમાં જઇને કરો ને!

તમને કોણ ના પાડે છે? પણ કાન ફાડી નાખે એવાં ઘોંઘાટિયા અને વાહિયાત પ્રદૂષણો અમારા કાનમાં અને એ દ્વારા અમારા દિમાગમાં શાના પહોંચાડો છો? તમારા સંપ્રદાય સાથે બીજાઓને વળી શી લેવાદેવા? શું તમે એટલું પણ નથી સમજતા કે તમારી આસપાસ કોઇ વિદ્યાર્થી પરીક્ષાની તૈયારી કરતો હોય, કોઇ કલાકાર એકાંત અને શાંત વાતાવરણમાં કલાનું સર્જન કરવા બેઠો હોય, કોઇ બીમાર અને વૃદ્ધ વ્યક્તિને ઘોંઘાટ લમણામાં વાગતો હોય, કોઇ બાળકને એની મમ્મીએ માંડ-માંડ ઊંઘાડ્યું હોય, કોઇ માણસ બહારરથી થાક્યો-પાક્યો આવીને શાંતિ ઝંખતો હોય, કોઇને ત્યાં કંકાસ-ઝઘડો થયો હોય - એવા સેંકડો પ્રસંગોમાં તમારા લાઉડસ્પીકરનો આતંક સૌને ત્રાસ આપતો હોય છે. જયાં સુધી જાહેરમાં લાઉડસ્પીકરના ઉપયોગ પર કાયદેસર પ્રતિબંધ નહિ આવે ત્યાં સુધી આપણે શી રીતે કહી શકીએ કે નો પ્રોબ્લેમ?

# તમારો દીકરો શહેરના દરેક પોલીસ સ્ટેશને ફરિયાદ કરવા રોજ જાય છે, દરેક હોસ્પિટલમાં તમારી તપાસ કરવા જાય છે પરંતુ તમારાં સમાચાર નથી, જયાં હો ત્યાંથી જલ્દી ઘરે આવી જાવ કારણ કે તમારો દીકરો હવે તમારી તપાસ કરી થાકી ગયો છે

## મફતમાં હવાફેર

**- નિરંજન ઓઝા**

ભાવનગર શહેરના જૈન દેરાસર પાસે આવેલ અમર એપાર્ટમેન્ટમાં દેવેન્દ્ર-દિના રહે છે. દેવેન્દ્રના પિતા રામપ્રસાદને પાંચેક દિવસ હોસ્પિટલમાં રહેવું પડ્યું હતું પરંતુ હૃદયરોગનો તીવ્ર હુમલો થતાં, ડોકટરો તેમને બચાવી શક્યા ન હતા. ત્યારબાદની લૌકિક ક્રિયા પતાવ્યા પછી દેવેન્દ્રને તેની પત્ની દિના કહે છે કે હમણાં તમને દવાખાનાની દોડાદોડી તેમજ ત્યારપછીની ક્રિયાને લીધે તમારી તબીયત ઉપર અસર થઇ હોય તેમ લાગે છે. તેથી થોડા દિવસ રજા લઇ આરામ કરો તો સારું. દેવેન્દ્રને પત્નીની સલાહ યોગ્ય લાગે છે. અને એક અઠવાડિયું રજા લંબાવે છે.

આ સમય દરમિયાન દેવેન્દ્ર સંપૂર્ણ આરામ કરે છે. આખો દિવસ ટી.વી. પાસેથી ખસતો નથી તે દિનાના ધ્યાન ઉપર આવ્યા વિના રહેતું નથી. તેથી એક દિવસ સવારના ૧૦ વાગે બજારમાં જઇ શાકભાજી લઇ આવવાનું કહે છે. દેવેન્દ્ર તૈયાર થઇ, શાકમાર્કેટ જવા રવાના થાય છે. શાકભાજી લઇ પાછા ફરતાં રસ્તામાં કૂતરું હડફેટમાં આવતાં, સ્કૂટર બાજુમાં લેવાં જતાં એક કાકા સાથે સ્કૂટર અથડાઇ છે. કાકા આંખો બંધ કરી, બેહોશ થવાનું દેવેન્દ્રને લાગતાં પોતાની પાસે પાણી રાખ્યું હતું તેમાંથી પાણી છાંટી, પાણી પીવરાવી, કાકાને સ્વચ્છ કરે છે. બાજુમાં જ ઘર હોવાથી દેવેન્દ્ર જણાવે છે અને સ્કૂટર ઉપર બેસી શકવાનું જાણ્યા પછી કાકાને ઘરે લઇ આવવામાં આવે છે.

ઘરે દેવેન્દ્ર એક કાકાને સાથે લાવવાનું જાણી પહેલાં તો દિનાને આશ્ચર્ય થાય છે પરંતુ દિના આગળ કહે તે પહેલાં દેવેન્દ્ર મસાલાવાળી ચાહ તથા તેની સાથે ગરમ ગરમ નાસ્તો કાકા માટે લાવવા, દિનાને જણાવે છે. તે દરમિયાન કાકાને હાથે, પગે તેમજ કોણીએ પડેલાં ઘસરકાં ઉપર મલમ લગાડવા બેસી જાય છે. ચાહ-પાણી-નાસ્તો કર્યા પછી કાકાને તેમનું નામ, સરનામું, ટેલિફોન નંબર વિશે દેવેન્દ્ર પુછે છે, પરંતુ કાકા માથું જ હલાવે છે. તેથી દેવેન્દ્ર તેમના પિતાના ખાલી પડેલ રુમમાં આરામ કરવા કાકાને કહે છે, બીજે દિવસથી કાકા, દેવેન્દ્રએ પેપરો વાંચી લીધા પછી, બે-ત્રણ કલાક સુધી પેપરો વાંચવામાં તેમજ રુમમાં ટી.વી. હોવાથી, તે જોવામાં સમય પસાર કરે છે. હવે દેવેન્દ્ર કરતાં તેની પત્ની દિનાને કાકાની ચિંતા વધારે થતી હોવાથી, ફરીથી કાકાને તેમનું નામ, સરનામું, ટેલિફોન નંબર વિગેરે માટે પુછે છે, પરંતુ કાકા તેના પ્રત્યુત્તરમાં માથું હલાવી જણાવે છે કે હું કયાં છું, અહીં કેવી રીતે આવ્યો છું અને તમે બધા કોણ છો? આ સાંભળી દેવેન્દ્રને લાગે છે કે અકસ્માતને લીધે કાકાને સ્મરણ શક્તિ ગુમાવી દીધી લાગે છે તેથી બે ત્રણ દિવસ પછી સારું નહીં થાય તો પોલીસ કચેરીનો સંપર્ક સાધવો પડશે કારણ કે કાકાના સગાંવહાલાંઓએ કોઇ જગ્યાએ તો કાકાના ગુમ થયાની ફરિયાદ કરી જ હશે? આમ કાકા દેવેન્દ્રને ત્યાં પાંચેક દિવસ પસાર કરે છે.

એક દિવસ બપોરના કાકા જે રુમમાં આરામ કરતાં હોય છે ત્યાં ફોન હોવાથી, કાકા કોઇની સાથે વાતો કરે છે. તેમાં સામેથી પ્રત્યુત્તર આવે છે કે તમે કયાં છો? તમારો દીકરો શહેરના દરેક પોલીસ સ્ટેશને ફરિયાદ કરવા રોજ જાય છે. દરેક હોસ્પિટલમાં તમારી તપાસ કરવા જાય છે પરંતુ તમારાં સમાચાર નથી, જયાં હો ત્યાંથી જલ્દી ઘરે આવી જાવ કારણ કે તમારો દીકરો હવે તમારી તપાસ કરી થાકી ગયો છે. કાકા તેના પ્રત્યુત્તરમાં જણાવે છે કે હું ઘણાં દિવસો પછી નર્કમાંથી બહાર નીકળ્યો છું. હું નિવૃત્ત થયો છું તેથી જમવામાં મારી રોટલીની પણ ગણતરી તું કરે છે, મારા દીકરાને એવા દબાવી દીધો છે કે ચૂ-ચાં કરી શકતો નથી. નર્કમાંથી છૂટવા મેં તમને ઘણી વિનંતીઓ કરી હતી કે મને બે-ત્રણ દિવસ માટે બહાર જવા દો પરંતુ તારી હઠીલાયને લીધે મારો દીકરો લાચાર છે, ત્યાં ઘરેથી બહાર ફરવા નિકળ્યા પછી, એક હરિભક્તના સ્કૂટર સાથે મારો અકસ્માત થતાં, તે ભગવાન જેવા દીકરાએ મને ઘરે લઇ, અત્યાર સુધી સાચવ્યો છે. રોજ સવારના મસાલાવાળી ચાહ ગરમાગરમ નાસ્તો અને ગરમાગરમ રસોઇ જમડાતી તેની પત્નીના હાથની રસોઇ ખાઇ, મને 'મફતમાં હવાફેર' થઇ ગઇ છે. મીઠા ઝાડના મૂળ વધારે કપાય નહિં તેથી આજે સાંજના પાછો ફરું છું. ભગવાનને એટલી જ પ્રાર્થના કે તને સદ્બુદ્ધિ આપે અને આ ઘરની દિના વહુ જેમ તું મને સાચવે?

બહાર બારણાં પાસે ઊભેલાં દેવેન્દ્ર - દિના આ વાર્તાલાપ સાંભળી, આશ્ચર્યથી એકબીજા સામે જોઇ રહ્યા!